## વડગામના મજાદર ગામે હરિયાણાથી આવેલ જમાતના પાંચ જમાતી ફરાર થતાં ફરિયાદ

### હરિયાણાથી જમાતમાં ૧૦ જમાતી આવ્યા હતા જેઓને મસ્જિદમાં રોકવામાં આવ્યા હતા

બનાસકાંઠા ના વડગામ તાલુકા ના મજાદર ગામ માં લોકડાઉન પૂર્વે હરિયાણા ના દશ લોકો જમાત લઈ ને આવ્યા હતા દરમિયાન લોકડાઉન જાહેર થતાં તમામ ને મજાદર ની મસ્જિદ માં આગલા આદેશ સુધી રહેવા જણાવ્યું હોવા છતાં ગત તારીખ ૩૦/૪/૨૦૨૦ ની રાત્રી દરમિયાન પાંચ જમાતી ફરાર થઈ જતાં પોલીસે પાંચે વિરુદ્ધ છાપી પોલીસ મથકે રવિવારે ફરિયાદ નોંધતા ચકચાર મચી ગઈ હતી.

કોવિડ ૧૯ મહામારી ના કારણે દેશ માં સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ સાથે તમામ ને આદેશ કરવામાં આવ્યો હતો



કે કોરોના નું સંક્રમણ ન ફેલાય તેને ધ્યાને રાખી જે જયાં છે તે ત્યાંજ રહે દરમીયાન વડગામ ના મજાદર ગામે હરિયાણા થી દશ લોકો જમાત લઈ ને આવ્યા હતા જોકે લોકડાઉન જાહેર થતાં તેઓ ફસાયા હતા જેથી પરત હરિયાણા જઈ શક્યા ન હતા જેથી સંક્રમણ ન ફેલાય તેને ધ્યાને રાખી આ તમામ જમાતીઓનું મેડિકલ ચેકઅપ કરાવી મજાદર ની મસ્જિદ માં આગલા આદેશ સુધી રોકાવા જણાવવા સાથે બહાર ન નીકળવા પોલીસે જણાવ્યું હતું અને સમયાંતરે પોલીસ દ્વારા તમામ નું ચેકીંગ કરવામાં આવતું હતું જોકે ગત તારીખ ૩૦/૪/૨૦૨૦ ની રાત્રી એ દશ માંથી પાંચ જમાતી ફરાર થઈ જતાં પોલીસે શોધખોળ કરવા છતાં ન મળતાં છાપી પીએસઆઈ એલ.પી. રાણા એ ફરાર જમાતીઓ વિરુદ્ધ ઈપીકો કલમ ૧૮૮, ૨૬૯, તથા ડિજાસ્ટર એકટ કલમ ૫૧ તથા એપિડેમીક એકટ ૧૮૯૭ કલમ ૩ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જીલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામા નો ભંગ કરી દશ માંથી પાંચ જમાતી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ હતી.

# સાબરકાંઠા જિલ્લામાં વધુ બે કેસ

### ઇડર શહેરમાં મહિલા કોરોના પોઝેટીવ આવતા તંત્ર હરકતમાં : જિલ્લામાં અત્યાર સુધી ૨૮ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝેટીવ : સબજેલને સેનેટાઇઝેશન કરવા માટેની કામગીરી હાથ ધરાઇ

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના પોઝેટીવ કેસોમાં ધીમા પગલે વધારો થઈ રહ્યો છે ત્યારે સોમવારે મોડી રાત્રે ઇડરની એક મહિલા દર્દીનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો હતો. બીજી તરફ પ્રાંતિજમાં અગાઉ દારૂના ગુનામાં ઝડપાયેલ અન્ય આરોપીનો પણ કોરોના પોઝેટીવ રીપોર્ટ આવતા સબજેલમાં સેનેટાઇઝેશન કરવાની કામગીરી હાથ ધરાઇ હતી. જિલ્લામાં અત્યાર સુધી ૨૮ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યા છે ત્યારે તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી ઝડપથી કરવામાં આવે તેવી પ્રજામાં માંગ ઉઠી છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં ઇડર શહેરમાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં કોરોના પોઝેટીવ દર્દીઓમાં વધારો થઇ રહ્યો છે ત્યારે સોમવારે મોડી રાત્રે શોભણાબેન શર્માજી વણઝારા (ઉ.વ.૨૦)નો રીપોર્ટ પોઝેટીવ આવ્યો હોવાનુ સિવિલ હોસ્પિટલના સુત્રોએ જણાવ્યુ છે. બીજી તરફ પ્રાંતિજમાં દારૂના ગુનામાં ઝડપાયેલ આરોપી જયેશ ચીમનલાલ રાવળ (ઉ.વ.૩૦)માં પણ કોરોનાના લક્ષણો દેખાતા તેને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં આસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં મંગળવારે તેનો રીપોર્ટ પોઝેટીવ આવતા સબજેલને સેનેટાઈઝેશનકરવાની કામગીરી હાથ ધરાઈ છે. ઈડર શહેરમાં અગાઉ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતા ત્રણ દર્દીઓના રોપોર્ટ પોઝેટીવ આવતા એક મહિલાનો રીપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્યતંત્ર દ્વારા સેનેટાઈઝેશન કરવાની કામગીરી સાથે કન્ટેનમેન્ટ વિસ્તાર કરાયો હતો. ઓપીડીમાં ૫૨ દર્દીઓને પ્રાથમિક સારવાર બાદ શંકાસ્પદ જણાતા ૧૭ દર્દીઓના સેમ્પલો લઈને ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૮ દર્દીઓનો રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. શહેરી વિસ્તારમાંથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા લોકોમાંજ કોરોના પોઝેટીવ આવી રહ્યો છે ત્યારે જિલ્લામાં ધીમાં પગલે કોરોના ગ્રામ્ય વિસ્તારમાં આગળ ધપી રહ્યો છે ત્યારે લોકોએ પણ ખુબજ જાગૃતિ રાખવી પડશે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના પોઝેટીવ કેસોમાં ધીમા પગલે વધારો થઈ રહ્યો છે ત્યારે સોમવારે મોડી રાત્રે ઇડરની એક મહિલા દર્દીનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધી ૨૭ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યા છે ત્યારે તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી ઝડપથી કરવામાં આવે તેવી પ્રજામાં માંગ ઉઠી છે.

## હિંમતનગરના ચાંપલાનાર અને પ્રાંતિજના વડવાસા ગામને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર

હિંમતનગર, તા. ૧૨

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જિલ્લાના હિંમતનગર તાલુકાના ચાંપલાનાર અને પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામે કોરોનાનો એક-એક પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લા કલેકટર સી.જે. પટેલ તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. કોવિડ-૧૯નો કેસ મળી આવેલ હિંમતનગર તાલુકાના ચાંપલાનાર-પ્રાંતિજના વડવાસા ગામે કોવિડ-૧૯ના એક-એક કેસ પોઝીટીવ આવતા ગામ વિસ્તારોને કોવિડ-૧૯ કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત આવશ્યક સેવાઓ-સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

## સાબરકાંઠા જિલ્લામાં ચાર દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા

હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી આજે ૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. કોવિડ-૧૯ની સારવાર બાદ ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ સ્વસ્થ જણાતાં આગિયોલ ગામની એક મહિલા, પલ્લાચર ગામના એક પુરુષ, પોગલુ ગામના એક મહિલા તથા વદરાડના એક પુરૂષને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામના ૧૮ વર્ષિય સોહનલાલ તુલસીરામ પ્રજાપતિ, પલ્લાચર ગામના ૨૪ વર્ષિય અજયસિંહ સંજયસિંહ રાઠોડ, પોગલુ ગામના ૫૮ વર્ષિય કાંતાબેન બબાભાઈ વણકર અને હિંમતનગર તાલુકાના આગિયોલ ગામના ૩૨ વર્ષિય સુમિત્રાબેન લાલસિંહ પરમાર સિવિલ હોસ્પિટલ ખાતેથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. દર્દીઓ એસિમ્ટોમેટિક હતા, છેલ્લા ત્રણ દિવસમાં તાવ આવ્યો ન હતો. સિવિલ હોસ્પિટલ ખાતેથી ડિસ્ચાર્જ કરવામાં આવેલા આ તમામ દર્દીઓને આગામી ૭ દિવસ સુધી હૉમ ક્વોરન્ટાઈન રાખવામાં આવશે. તકેદારીના ભાગરૂપે સરકાર તરફથી ૪ ત્રિપલ લેયર માસ્ક અને એક હેન્ડ સેનેટાઈઝરની બૉટલ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા.

## મોડાસા શહેર સંપૂર્ણ લોકડાઉન

### જીલ્લા કલેક્ટરે મોડાસા ચાર રસ્તા સહીત વિવિધ વિસ્તારોની મુલાકાત લઇ સ્થિતિનો તાગ મેળવ્યો

મોડાસામાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે તે જોતા જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જાહેરનામું બહાર પાડ્યું છે.૧૧ એરિયામાં પુરવઠો તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ કેવી રીતે પહોંચાડવામાં આવે છે તે અંગે પણ સૂચનો કર્યા હતા. જિલ્લાના ઔરંગાબાદકરે એપેડેમીક ડિસિઝ એક્ટ અને ડિઝાસ્ટર એક્ટ મુજબ જાહેરનામું બહાર બહાર પાડી મોડાસા શહેરને સંપૂર્ણ લોકડાઉન



મે થી ૧૭ મે દરમિયાન મોડાસા શહેરમાં દૂધ, મેડિકલ, એલપીજી ગેસ, વ્યાજબી ભાવની દુકાન, હોસ્પિટલ સિવાયની તમામ દુકાનો બંધ રાખવામાં આવી છે. આ વચ્ચે અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે મોડાસાના વિવિધ કન્ટેઈનમેન્ટ વિસ્તારની મુલાકાત લીધી હતી. આ વિસ્તારમાં પોલીસ સુરક્ષા વ્યવસ્થા સહિત લોકોની અવરજવર વિશે જાણકારી મેળવી હતી. ખાસ કરીને કન્ટેઈનમેન્ટ અન્ય તાલુકા મથકો અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૧૭ મે સુધી આવશ્યક ચીજવસ્તુઓ સિવાય તમામ ધંધા-રોજગાર બંધ રાખી સંપૂર્ણ લોકડાઉનમાં જોડાયા હતા.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોનાના વધતા કેસને લઈને મોડાસા શહેરના વેપારી એસોસિએશન અને નગરપાલિકાના પ્રમુખ દ્વારા વેપાર ધંધા બંધ રાખવા માટે સ્વૈચ્છિક સંમતિ આપવામાં આવી હતી. ત્યારે જિલ્લા કલેકટર અમૃતેશ રાખવાનો આદેશ કર્યો છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ જોઈએ તો બાયડમાં ૭, ભિલોડામાં ૧૩, મેઘરજમાં ૯, ધનસુરામાં-૭, મોડાસા તાલુકામાં ૧૭ જયારે મોડાસા શહેરમાં ૨૩ મળી કુલ-૭૬ પોઝીટીવ દર્દીઓ જિલ્લામાં નોંધાયા છે. મોડાસા શહેરમાં તમામ મુખ્ય માર્ગો પર પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દઈ વાહનચાલકોની સઘન પૂછપરછ પછી જ આગળ વધવા દેવામાં આવતા હતા.

## લોકડાઉન વચ્ચે ગરીબ દર્દીઓ માટે બનાસ મેડિકલ કોલેજ બની નવજીવનની આશા

લોકડાઉન વચ્ચે સૌથી કફોડી પરિસ્થિતિ કોરોના સિવાયના રોગથી પીડાતા દર્દીઓની થાય છે. મોટાભાગના ખાનગી હોસ્પિટલમાં પહેલા જેવી સુવિધા અને તાત્કાલિક સારવાર ન મળતા લોકો મુશ્કેલી વેઠી રહ્યાં છે. આ કપરા સમયમાં દર્દીઓને સેવા આપી રહી છે, બનાસ મેડિકલ કોલેજ બનાસ દ્વારા અલગ બનાવવામાં આવેલી કોવિડ હોસ્પિટલમાં તો દર્દીઓની સારવાર થઈ જ રહી છે. પરંતુ તેની સાથે જે અન્ય રોગના ઈમરજન્સી દર્દીઓ આવે છે તેમને પણ બનાસ મેડિકલ કોલેજમાં સતત સેવા આપવામાં આવે છે.



તાજેતરમાં જ ડીસાના ખેરોલા ગામનો ચાર વર્ષનો બાળક સારવારના અભાવે ગંભીર પરિસ્થિતિમાં મુકાયો હતો. જે બાદ તેને તેના પરિવારજનો છેવટે બનાસ મેડિકલ કોલજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા. બાળક શારીરિક રીતે અશક્ત અને હિમોગ્લોબીનનું પ્રમાણ પણ બહુ ઓછું હતું. ગંભીર સ્થિતિમાં રહેલું બાળક શ્વાસ લેવામાં તકલીફ અનુભવતું હતું. જેની તપાસ કરતા બાળકના ફેફસામાં ચેપ સાથે પાણી ભરાયું હોવાની બાબત સામે આવી હતી. જે બાદ બનાસ મેડિકલ કોલેજના તજજ્ઞ સ્ટાફ દ્વારા સર્જરી કરવામાં આવી અને બાલરોગ વિભાગના ડોક્ટરોએ સારવાર કરી. આજે તે બાળક સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યો છે. કોરોના મહામારી વચ્ચે મળેલી સારવાર માટે તેના પરિવારજનો બનાસ મેડિકલ કોલેજનો આભાર માની રહ્યા છે.

## અરવલ્લીમાં લોકડાઉનમાં મામલતદારના પાન ખાવાના શોખથી પાન પાર્લર ધારક તોબા

સમગ્ર વિશ્વ સહિત અરવલ્લી જિલ્લાને કોરોના વાઈરસે ઝપેટમાં લીધો છે. જેના પગલે લોકડાઉન છેલ્લા ૪૭ દિવસથી ચાલી રહ્યું છે. જેમાં જીવન જરૂરિયાત સીવાયના દરેક વેપારધંધા બંધ રાખવા માટે હુકમો કરાયા છે. ત્યારે જેને પાન મસાલાનું વ્યસન છે તેઓ માટે ભારે આપત્તિ આવી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે કેટલાક વ્યસનીઓ આત્મહત્યા પણ કરી રહ્યા છે.

હાલ પાન, મસાલા, ગુટખા, તમ્બાકુ, સિગારેટ ૧૦ ગણા ભાવે લાલચુ વેપારીઓ વેચી રહ્યા છે. ત્યારે વ્યસનીઓ માટે આફત પેદા થઈ છે. તેવામાં અરવલ્લી જિલ્લાના એક મામલતદારને પાન ખાવાનું વ્યસન છે પરંતુ લોકડાઉનના પગલે પાન મળતા ન હોવાથી એક પાનપાર્લરવાળાને આખો પાનનો કરંડીયો મંગાવી આપવાનો આદેશ કરતા પાનનો આખો કરંડીયો મંગાવી આપ્યો તેમ છતાં પાર્લરવાળાની મુસીબત ઓછી થઈ ન હતી. મામલતદારે પાનપાર્લરવાળાને રોજ પાન બનાવી ખવડાવવાનો આદેશ કરતાં પાન પાર્લરવાળો પણ મામલતદારની આદતથી તોબા પોકારી ઉઠ્યો છે. પાન પાર્લરવાળો મામલતદારના આદેશને ઠુકરાવી પણ શકતો ન હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.



પ્રાપ્ત માહિતી અનુસાર કોરોનાના પગલે હાલમાં જીવન જરૂરિયાત સીવાયના વેપાર-ધંધા સંક્રમણ ન વધે તે હેતુથી બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારે પાન મસાલાના રસીયાઓની મજબૂરીનો ફાયદો વેપારીઓ ઉઠાવી રહ્યા છે અને ૧૦ ગણા ભાવે બંધ બારણે વેચાણ થઈ રહ્યું છે. ત્યારે કેટલાક અધિકારીઓને પણ વ્યસન હોવાથી પોતાની વ્યવસ્થા કરી લીધી હોવાની વાતોએ જોર પકડ્યું છે. જાણવા મળ્યા મુજબ જિલ્લાના એક મામલતદારને પાન ખાવાનો ભારે શોખ છે પરંતુ લોકડાઉનના પગલે ક્યાંય પણ પાન મળતાં ન હોવાથી મામલતારે પોતાની વગનો ઉપયોગો કરીને એક પાનના ગલ્લાવાળાને પાનનો આખેઆખો કરંડીયો લાવી દીધો છે અને રોજ પાન બનાવીને ખવડાવવા માટે જણાવ્યું હતું. એક તરફ જીવન જરૂરીયાતની ચીજો માટે પાસ લેવા વેપારીઓ કરગરી રહ્યા છે અને બીજુ બાજુ અધિકારીઓને પાન મસાલા તમાકુ માટે ખાસ ગોઠવણ થઈ જતી હોવાનું ધ્યાને આવ્યું છે.

આ લોકડાઉનમાં જેની પાસે નાણાં છે તે અનેક ગણા રૂપિયા ચુકવીને પણ પોતાના વ્યસનો સંતોષી રહ્યા છે જ્યારે જેની પાસે નાણાં નથી અને વ્યસન છે તેઓ માટે ભારે મુશ્કેલી પડી રહી છે. કેટલીક વસ્તુ ચોપડે નોંધાતી નથી પરંતુ ક્યાંક તો તમ્બાકુના ખેતરમાંથી કેટલાય લોકો તમ્બાકુના પાન તોડી ગયા હોવાની વાત પણ જાણવા મળી હતી. આ લોકડાઉનમાં જીવન જરૂરી ચીજવસ્તુઓ માટે લોકો હાડમારી ભોગવી રહ્યા છે ત્યારે ઉચ્ચ પદો ઉપર બેઠેલા અધિકારીઓ મસાલા ઘસતા જોવા મળી રહ્યા છે. અને એમને અવિરત પુરવઠો મળતો રહે એ માટે કેટલાક વહીવટદારો સતત ચિંતા કરતા પણ જણાયા છે.

### પ્રાંતિજ મેપ્સ એન્ઝાયમ્સ લીમીટેડ કંપની દ્વારા

# છેલ્લા ચાર મહિનાથી પગાર ન ચૂકવાતા કામદારોની સ્થિતિ કફોડી




### કંપનીના સુપરવાઇઝ રમેશભાઇનું શું કહેવું છે

કંપનીમા કામ કરતા કામદારો ૪૦ જેટલા કામદારોને છેલ્લા ત્રણ મહિનાથી પગાર થયો નથી અને હાલ લોકડાઉનમા કામકાજ બંધ છે પણ છેલ્લા ત્રણ મહિનાથી આજકાલ કરી હજુ સુધી પગાર ચુકવાતો નથી આ અંગે મામલતદાર તથા ઉપલા અધિકારીઓને જાણકરી છે છતાં આજનું કાલ થાય છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા પાસે આવેલ મેપ્સ એન્ઝાયમ્સ લીમીટેડ કંપનીમાં કામ કરતા કામદારોનો પગાર છેલ્લા ચાર મહિનાથી ના ચુકવતા કામદારો દ્વારા કંપનીમાં ભેગા થઈ પગાર આપો ના સૂત્રો સાથે માંગ કરી હતી. પ્રાંતિજના ઓરોણ પાટીયા ટોલનાકા પાસે આવેલ મેપ્ક એન્ઝાયમ્સ લીમીટેડ કંપની દ્વારા કંપનીમાં કામ કરતાં કામદારોને છેલ્લા ચાર મહિનાથી કંપની દ્વારા પગાર ના ચુકવતા કંપનીના સુપરવાઈઝર સ્ટાફ સહિતના કામદારો દ્વારા પગાર આપો પગાર આપો ના સૂત્રો સાથે કંપનીમાં એકઠાં થયાં હતા તો કંપની દ્વારા છેલ્લા બે વર્ષથી પીએફ તો કાપવામા આવે છે પણ જમા થતો નથી તો કામદારોનું કહેવું છે કે કંપની દ્વારા અમને એટલે સુધી કહેવામાં આવ્યું છે કે તમને પગાર નહી મલે અને તમારે જે કોઈને કહેવું હોય તે કહી દો હુ પગાર આપવાનો નથી મારૂ કોઇ કશું બગાડી નહીં લે ત્યારે કામદારો દ્વારા પ્રાંતિજ મામલતદારને પણ રજુઆત કરવામાં આવી છે. કામદારો જણાવી રહ્યાં છે કે કંપની દ્વારા કહેવામાં આવ્યું છે કે તંત્રમા ઉપર સુધી રજુઆતો કરીલો મારૂ કોઈ કશું નહીં બગાડી શકે તમને પગાર નહીં મળે ત્યારે હાલ તો કામદારોનું પણ કહેવું છે કે તંત્રમા પણ રજુઆત કરવામાં આવી છે પણ તંત્રએ પણ હાલ તો જાણે હાથ ઉચા કરી દીધા હોય તેવું જણાઈ રહ્યું છે ત્યારે અમે નિસહાય ગરીબ જરૂરિયાતમંદ લોકો જઈ એ તો કયાં જઈએ અને છેલ્લા ચાર મહિનાથી પગાર ના મળતાં ઘરે ખાવાનું પણ હવે તો ખુટયું છે તો કંપની દ્વારા છેલ્લા ચાર મહિનાથી કંપનીમાં કામ કરતાં ૪૫ જેટલા કંપનીમાં કામ કરતાં કામદારોને પગાર ના ચુકવાતા કામદારોની હાલત કફોડી બની છે. આ અંગે મોબાઈલ ફોન ઉપર કંપનીના માલિક પિયુષભાઈ શાન્તીલાલ પાલખીવાલાનો સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે કંપનીનો અંદરો અંદર પ્રોબ્લેમ છે પણ એક અઠવાડિયામા પગાર ચુકવી દઈશુ ત્યારે હાલ તો આ કોરોનાની મહામારીમા ખરેખર જરૂરીયાત લોકોને છેલ્લા ચાર મહિનાથી પગાર ના મળતા તેમની સ્થિતિ કફોડી બની છે, ત્યારે તંત્ર દ્વારા આ કંપની સામે તાત્કાલિક ધોરણે એક્શન લઈને કામદારોને પગારની ચુકવણી કરવામાં મદતરૂપ નિવડે તેવી માંગ ઉઠવા પામી છે.

### પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાનુ શું કહેવું છે

અમને કંપનીના કામદારોના પગાર ના થતો હોવાની ફરીયાદ મળી હતી અને કંપનીના મેનેજર સાથે ટેલીફોનિક વાત થઈ હતી કે પગાર ચુકવી દઈશુ પણ પગાર ના ચુકવાતા ફરીથી ધ્યાને અમને આવતા અમે મેનેજરનું ધ્યાન દોર્યુ છે અને જો પગાર નહી કરવામાં આવે તો લેબર કમિશનને પણ લેખિતમા જાણ કરીશું.